Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 Vol.1 Issue 2 July 2015

# ડૉ. આંબેડકરનો ઉપાશ્રિતતાનો અભિગમ

ગીતા એમ .રાઠોડ

એમ.એ.,બી.એડ,એમ.ફીલ.

ભાવનગર

મનુષ્ય જીવનના વિકાસમાં વિચારમંથન, ચિંતન અને આદાનપ્રદાનની અતિ આવશ્યકતા છે. જેનાથી સમાજ પણ વિકાસશીલ અન સર્જનશીલતા માર્ગ તરફ વળે છે. જેના માટે ડૉ. બાબા સાહેબ આંબેડકરનું વિવિધક્ષેત્રે અનન્ય અને અસાધારણ પ્રદાન છે. અહીં આર્થિક અને સામાજિક લોકશાહીક્ષેત્રે એમના વિચારો પર પ્રકાશ પાડવાનો છે. તેઓ સામાજિક અનેઆર્થિક લોકશાહી દ્વારા અર્થતંત્રને ચેતનવંતુ બનાવી રાષ્ટ્રને નવીજ દિશા આપવાના પ્રખર હિમાયતી હતા તેઓ આમ પ્રજાના થતા સામાજિક અને આર્થિક શોષણ વિશે અત્યંત ચિંતિત હતા. તેઓનું દ્રઢ માનવું હતું. સમાજતંત્ર અને અર્થતંત્રમાં જયાં સુધી ધરખમ ફેરફાર કરી માળખાગત પરિવર્તન નહીં કરવામા આવે ત્યાં સુધી આપણો દેશ યથાર્થરૂપે સમૃદ્ધ ન બની શકે. સમાજ જીવનમાં મનુષ્ય પોતાના જીવનને દવાઓથી નિયંત્રિત કરીને પોતાના જીવન સ્વનિર્મિત કરેલ છે.
ગિલીન અને ગિલીન સંસ્કૃતિને વધારે જટિલ અને વારસારૂપ ની સભ્યતા કહી છે.

ઉપરોકત વ્યાખ્યાના આધારે સભ્યતા નિમ્નલિખિત વિશેષણમાં પ્રસ્તુત થઈ છે.

૧.સભ્યતામાં આપણે મનુષ્ય દ્વારા નિર્મિત ભૌતિક વસ્તુઓની સમાવેશ કરીએ છીએ.
૨.સભ્યતા મૂર્ત હોય છે.
૩. સભ્યતા માનવ ઈચ્છાઓની પૂર્તિનું સાધન છે તે માનવને આનંદ અને સંતોષપ્રદાન કરે છે.
૪.સભ્યતા સંસ્કૃતિના વિકાસના ઉચ્ચસ્તરને વ્યક્ત કરે છે.

**★ એમ.કે. બોસ અને સુરજિતસિંહના રચનામૂલકનો અભિગમ :**

ડૉ. બોસે સ્વ અને સભ્યતાને વિભિન્ન ક્ષિતિજોની દષ્ટિએ જોવાનો પ્રયત્ન કર્યો છે. જો સભ્યતા માનવશાસ્ત્રીય અર્થમાં સ્વીકાર કરીએતો તેનું તાત્પર્ય એક સમયના વિશેષ લોકોના ખાનપાન, રહનસહન, નિવાસ અન રોડરસ્તા નિર્માણ સાર્વજનિક સ્થાનો, કુવાઓ, તળાવો, બગીચાઓના સંગઠિત રૂપમાં છે. ઉદાહરણ સ્વરૂપે જયારે આપણે કહીએ છીએ કે હડપ્પા અને મોહેંજો-દડોની સભ્યાતા તો તેનું મહત્વ આ બન્ને સ્થાનો પર એક સમય વિશેષમાં કરવામાં આપેલા ભૌતિક નિર્માણ કૃષિ, વ્યાપાર, ઉદ્યોગ, રાજનીતિની વ્યવસ્થા અર્થવ્યવસ્થા અને શિક્ષણ તેમજ સામાજિક વ્યવસ્થા સાથે છે. જયારે આપણે સભ્યતાનો સમાજશાસ્ત્રીય અર્થમાં જોઈએ તો સમાજશાસ્ત્રીયોએ મનુષ્યની ચારે તરફ નિર્મિત વાતા વરણમાં બે વાત મુખ્ય રહી છે. એક અભૌતિક જેવી કે પ્રથાઓ, સમસ્યાઓ, આર્થિક, રાજનૈતિક, સામાજિક વ્યવસ્થાઓને સંસ્કૃતિ કહેવાય છે. બીજું કે પર્યાવરણના ભૌતિકરૂપ અનસાર જેવા કે મકાન, ઘડીયા, પેન, મશીનો, પુસ્તકો વગેરેને સભ્યતા કહેવાય છે. બોસે સભ્યતાનો અર્થ જણાવતા કહે છે કે ભારતીય નગરોની ઉત્પતિ તથા વિકાસના કાર્યોનો ઉલ્લેખ કર્યો છે. તેમણે નગરોને સભ્યતાનું કેન્દ્ર માન્યું છે. આ અર્થમાં નગરોની આસપાસ ગામડાઓની આર્થિક, રાજનીતિક અને સામાજિક ક્રિયાઓનું કેન્દ્ર છે. નગરોમાં માનવ સભ્યતાને જન્મ આપ્યો છે. તે સભ્યતાનું જન્મ સ્થળ છે. નગરોથી જ સભ્યતા ફુલી-ફાલી છ . બીજી સમસ્યા પણ નગરોના વિકાસમાં પોતાની ભૂમિકા ભજવે છે.

આ સભ્યતા અને નગર પારસ્પરિક અવલંબિત છે અને એકબીજા સાથે આંતરક્રિયા કરે છે. જેથી પરંપરાગત સમાજના સ્થાને માનવસમાજનું નિર્માણ થાય છે. સુરજિતસિંહ સિન્હાએ સભ્યતામૂલક અભિગમનો સ્વીકાર કરેલ છે. તેમણે કહ્યું છે કે જો આપણે ભારતીય સમાજને જોઈએ તો. અહીંની સભ્યતા સમજવી જરૂરી છે. કારણ કે સભ્યતા જ સમાજનું દર્પણ છે. જેના આધારે સમાજમાં સંરચના / માળખાની વિશેષતા સમજાવી શકાય છે. આ રીતે બોસ અને સિન્હા ભારતમાં સભ્યતા મૂલક અભિગમને અગત્યનો માને છે.

**★ દલિત અભિગમ (નબળા વર્ગનો અભિગમ) :**

આ અભિગમના સંદર્ભમાં ડૉ. બી. આર. આંબેડકરના વિચારો રજૂ કર્યા છે.

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર ઉંડાણજ્ઞાનના ભંડાર અને ચિન્તનકારી - અભ્યાસુ અદ્ભૂત પ્રતિભા, સરાહનીય અને ન્યાયશીલ, સ્પષ્ટ વક્તાના માલિક ડૉ.ભીમરાવ આંબેડકર પોતાના આપણા નબળા દલિત પ્રત્યે સમર્પિત થયેલ છે.

અસ્પૃશ્ય સમજવા માટે વાલી મહાર જાતિમાં જન્મ લેવાને કારણે તેમણે પોતાના જીવનમાં પગલે પગલે અનહદ અપમાન અને ઘોર નિયંત્રણની પરિસ્થિતિનો સામનો કરવો પડયો છે. આ અપમાનો અને સામાજિક યાતનાઓને ભોગવતા ભોગવતા જીવનમાં નિરંતર આગળ વધ્યા અને તેમને નિશ્ચિત કર્યું કે ભારતના અસ્પૃશ્યવર્ગ માટે અમાનવીય જીવનની આ સ્થિતિને પૂણ કરી તેને માનવતા સ્તર પર લાવવા છે. આ મહામાનવ ભારતના દલિતવર્ગ પ્રત્યે નિષ્ઠા અને સમર્પણની જે સ્થિતિને અપનાવી તેના આધારે તેને ભારતના લિંકન અને માર્ટિનલ્યુથર કહેવાયા અને ત્યાં સુધી તેને 'બોધિસત્વ'ની ઉપાધી થી વિભૂષિત કર્યા. ભીમરાવનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ ઈ.સ.ના ઈન્દોરની પાસે મહુછાવણીમાં થયેલ જન્મના સમયે તેમનું નામ ભીમ શકપાલ હતું. મહારજાતિમાં ડૉ. આંબેડકરનો જન્મ થયો. મહારાષ્ટ્રમાં આ જાતિ અછૂત ગણાતી હતી. ભીમરાવના પિતા રામજી શકપાલ કબીરપંથી હતા અને તેના કારણે તેના માનસમાં જાતિવાદ માટે કોઈ સ્થાન નહતું. ભીમરાવે હાઇસ્કૂલ સુધીનો અભ્યાસ સતારામાં કર્યો સન્-૧૯૦૭માં હાઈસ્કૂલની પરીક્ષા પાસ કરી. ભીમરાવ તેજ વિદ્યાર્થી હતા. ભીમરાવના શિક્ષણ પ્રત્યે તેમના પિતા સંપૂર્ણ સમર્પિત હતા. તેમજ અધ્યાપક તેની મહેનતથી ખૂબજ પ્રસન્ન હતા ત્યારપછી તેમણે મુંબઈ એલીફન્ટન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. વડોદરાના મહારાજા ગાયકવાડ દ્વારા આપવામાં આવેલ શિષ્યવૃતિથી કોલેજ શિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદ મળી અને ગાયકવાડ શિષ્યવૃતિ પરથી ભીમરાવ ઈ.સ.૧૯૧૩માં અમેરીકાની કોલંબિયા વિશ્વ વિદ્યાલય માં પ્રવેશ મળી ગયો તે ભારતના પ્રથમ અછૂત અને મહાર હતા. જે ભણવા માટે પરદેશ ગયા હતા.

ડૉ. બાબા સાહેબ અર્થશાસ્ત્રના જિજ્ઞાસુ વિદ્યાર્થી રહ્યા હોવાથી તેઓ અર્થતંત્રમાં પ્રાણ પૂરવા પ્રતિબદ્ધ હતા. તેઓ 'Administration and Finance of East India Company' નામનો ગ્રંથ લખી અમેરિકાની કોલંબીયા યુનિવર્સિટીમાંથી M.A. થયા હતા. એમણે સખત પરિશ્રમ કરીને અને ક અભાવો વચ્ચે અભ્યાસમાં રત થઈ 'Nationad Divdend of India A Historical And Analitical Study' નામક મહાનિબંધ લખો ૨૫ વર્ષની વયે અમેરિકાની કોલંબીયા યુનિવર્સિટીમાંથી માનભર રીતે Ph.D.ની પદવી પ્રાપ્ત કરી હતી. પાછળથી આ ગ્રંથ 'Evolution of Provincial In British India' નામે પ્રસિદ્ધ થયો હતો. તત્કાલીન સમયે આ ગ્રંથલેખન બદલ અમેરિકનો દ્વારા એમનું ભવ્ય સન્માન થયું હતું. આ ગ્રંથની પસ્તાવના વિશ્વ પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી પ્રા. એડવીન આર. એ. સેલિગ્મેને લખી છે. આ ગ્રંથમાં એમણે બ્રિટીશરો દ્વારા થતા ભારતના આર્થિક શોષણની વાત નિર્ભિકતાથી લખી છે. વિશ્વભરના અર્થશાસ્ત્રીઓ એમના આવા તારણથી ચોંકી ઉઠયાં હતાં. એમણે 'Castes in India : Their Mechanism Genesis and Development' શીર્ષક તળે નિબંધ અમેરિકાની કોલંબીયા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના સેમિનારમાં રજૂ કર્યા. જેનાથી અમેરિકન વિદ્યાર્થી ખૂબજ પ્રભાવિત થયા હતા. એટલું જ નહિ આ નિબંધ 'અમેરિકન જર્નલ ઓફ સોસિયોલોજી' નામના સામયિકમાં 'World's best Literature of the month' મા સ્થાન પામ્યો હતો. આ સમયે એમની અબ્રાહમ લિંકન અને બુકર ટી. વોશિંગ્ટન સાથે તુલના કરવામા આવી હતી. ૩૧ વર્ષની વયે એમણે 'Problems of the Rupee : Its origin and solution' નામનો મહાનિબંધ લખી લંડનમાંથી D.Sc.ની પદવી પ્રાપ્ત કરી. આ ગ્રંથની પ્રસ્તાવના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી પ્રા. એડવિન કેનને લખી છે. આ ગ્રંથમાં એમણે બ્રિટીશ શાસકોની આર્થિક નીતિની જોરદાર ટીકા કરી છે અને હિંમતપૂર્વક સંશોધન કર્યું છે, કે બ્રિટીશ શાસકોએ ભારતીય રૂપિયાને પાઉન્ડ સાથે સરખાવી ભારતનું ભયંકર આર્થિક શોષણ કર્યું છે. જેથી ભારતીય ધન બ્રિટીશરોની તિજોરીમાં જમા થાય છે; અને ભારત માં ગરીબી સતત વધી છે. ૧૯૪૭માં આ ગ્રંથ The History of Indian Currency and Bankingશીર્ષક તળે પ્રસિદ્ધ થયો હતો. જયારે દેશમાં કૃષિક્ષેત્રે ગરમાગરમ ચર્ચાચાલતી હતી ત્યારે એમણે ૨૬ વર્ષની વયે ' Small Holding in India and Their Remedies' નામના ગ્રંથમાં કૃષિ વિશે વિચારો વ્યકત કર્યા છે. એમણે તત્કાલીન સમયે કહ્યું હતું કે જયાં સુધી ખેતીલાયક જમીનની ભૂમિસીમા નક્કી કરવામાં નહિં આવે, પડતર જમીનને ખેતીલાયક બનાવવામાં નહિ આવે ત્યાં સુધી કૃષિક્ષેત્રે સર્વાંગી વિકાસ શકય નથી. ઉદ્યોગીકરણના સાથે સાથે કૃષિકરણ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ; બંને એકબીજાના પૂરક છે; શહેર અને ગામડાઓ વચ્ચે સમતોલન જાળવવું જોઈએ આ વાત એમણે ૨૬ વર્ષની વયે કરી હતી. 'StatesandMinorities' નામના ગ્રંથમાં રાજય સમાજવાદની હિમાયત કરી છે.

ડૉ. બાબા સાહેબ આંબેડકર માત્ર રાજકારણી જ નહોતા એક સાચા વિદ્વાન કર્મ શીલ હતા. એમણે વિવિધ પ્રસંગોએ ભૂમિહીન મજૂરો, નાના ખેડૂતો, જાતી પ્રથા, મહાર વતન, સહકારી ખેતી, જમીન મહેસૂલ, ચલણ વ્યવસ્થા અને જમીનદારી પ્રથા નાબૂદીની વાત કરી છે. એમણે કરવેરાની સમસ્યાઓની પણ ચર્ચા કરી છે.તેઓ દેશમાં સામાજિક અને આર્થિક લોકશાહી નિર્માણ કરવા ઉદ્યોગ અને ખેતીના રાષ્ટ્રીય કરણની હિમાયત કરી હતી. એમણે સામાજિક અને આર્થિક લોકશાહી માટે આર્થિક આયોજનને મહત્વનું ગણતા હતા. ભારતના બંધારણના અમુખમાં આવી જ ભાવના અંકિત કરાય છે.

ડૉ. બાબા સાહેબના મતે જાતિવ્યવસ્થા એ રાષ્ટ્ર માટે અવરોધકારક છે. એમનું સ્પષ્ટ માનવું હતું કે જાતિવ્યવસ્થા દૂર કરવા માટે ભારતના તમામ ગામોના આર્થિક માળખાની પુનઃરચના કરવી જોઈએ. એમણે વર્ષો પહેલાં કહ્યું હતું કે લગભગ ૭૦% વસ્તી ખેતી પર નિર્ભર છે અને તે ગામડાઓમાં રહે છે, જયાં જાતિ અને કોમવાદનું શાસન ચાલે છે. એમણે બંધારણ કહ્યું હતું કે ગ્રામ પ્રજાસતાકો ભારતના વિનાશનુંકારણ બન્યા છે.

ડૉ. બાબાસાહેબ સરમુખત્યારશાહી વિના સમાજવાદ લાવવાના હિમાયતી હતા. તેઓ ઉદ્યોગો અને કૃષીની સાથે સાથે વીમાક્ષેત્રે પણ રાષ્ટ્રીયકરણની હિમાયત કરીહતી. એમના મતે પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગો રાજય હસ્ત ક જ હોવા જોઈએ. ડૉ. બાબા સાહેબ જયારે ૧૯૪૨ ની ૧૯૪૬ સુધી વાયસરોયની કાઉન્સિલમાં હતા તયારે એમણે કાયદારહિ ત સબંધી અનેક કાર્યો કર્યા છે.જેના મીઠાં ફળ આજનોકામદારવર્ગ માણી રહ્યો છે. કામના ૮ કલાકો, હકક રજા, પ્રોવિડન્ટ ફન્ડ,કેજયુઅલ લીવ,અકસ્માતમાં વળતર, ખાણોમાં કામ કરતાં કામદારોની સલામતી, ભૂગર્ભમાં સ્ત્રી કામદાર પર પ્રતિબંધ, બાળકોને શિક્ષણ, તબીબી સારવાર અને વીમા યોજના વગેરે કામદારો આજે મળતી સુવિધા ડૉ. બાબાસાહેબના પ્રયાસોના કારણે છે. ડૉ. બાબાસાહેબ બંધારણસભાના સમાપન સત્રમાં કહ્યું હતું કેઆપણે શકયતેટલી વહેલી તકે સામાજિક અને આર્થિક અસમાનતાનો વિરોધાભાસ દૂર કરવો પડશે, નહીં તો જેઓ અસમાનતાના ભોગ બનેલા છે તેવા લોકો રાજકીય લોકશાહીનું માળખું જ ફૂંકી મારશે.

ડૉ. બાબાસાહેબની ભારતમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનીઈચ્છા આજે પણ યથાર્થ રીતે અધૂરી છે. કશુંયે અઘટિત બને તે પહેલાં ભારતમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થપાય એવા પયાસો થવા જોઈએ.

**★ આંબેડકર અને દલિતોધ્ધાર :**

ડૉ. આંબેડકર પુસ્તક પ્રેમી હતા. પરંતું દલિતોધ્ધારની ભાવના તેમના સાર્વજનિક અને રાજનીતિમાં લઈ આવતા તેમનું સમસ્ત સાર્વજનિક જીવનના સર્વપ્રમુખ મહત્વનું એકમાત્ર લક્ષ્ય હતું.

દલિતધ્ધારની દિશામાં ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારો અન કાર્યો.

૧.જાતિપ્રથા અને હિન્દુ સમાજની પરંપરાગતતા વિધાનો ઉપર કઠોર પ્રહારો.

૨. સ્વંયમ અસ્કૃશ્યોના જીવન અને પ્રવૃતિઓમાં સુધાર પર ધ્યાન.

૩. અસ્પૃશ્યોને બધાંજ સાર્વજનિક સ્થાનો પર પ્રવેશવાનો અધિકાર.

૪. દલિતો માટે પ્રતિનિધિત્વ અને સમાનતા.

૫. દલિતોની સ્થિતિમાં સુધારણા માટેના કાનુની ઉપાયો.

ઉપરોકત કાર્યો કરીને દલિતોના ઉધ્ધારક ડૉ. આંબેડકર તેમના જીવનના પ્રથમ ૩૫ વર્ષમાં ડગલે અને પગલે ઘોર અન્યાય અમાનવીય વ્યવહાર જેવી મુશ્કેલીઓ હતી. આવી મુશ્કેલીની પરિસ્થિતિ નિયંત્રણ માટે દલિતોધ્ધારનો સંકલ્પ રાખેલ હતો. તેને અસ્પૃશ્યો દલિતોધ્ધાર માટે અહિંસક સંઘર્ષનું જોડાણ જીવનભર કાર્ય કર્યું હતું.

ડૉ. આંબેડકર સતત એવો અનુભવ કરતા હતા કે હિન્દુ ધર્મમાં દલિતોને સન્માનજનક સ્થિતિ પ્રાપ્ત નથી. પરિસ્થિતિ અનુસાર ૧૯૫૫માં તેમણે ભારતીયબૌદ્ધસભાની સ્થાપના કરી ભારતમાં બૌદ્ધધર્મના પ્રચાર પ્રસાર કરેલ ત્યારબાદ ૧૪મા ઓકટોમ્બર ૧૯૫૬માં તેમણે નાગપુરની એક ઐતિહાસિક સભામાં પાંચ લાખ વ્યકિતઓ સાથે બૌદ્ધ ધર્મનો અંગિકાર કર્યો ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૫૬માં વહેલી સવારે બાબાનું અવસાન થયું.

**★ સંદર્ભગ્રંથ :**

1. **The Untouchables : Dr. B.R. Ambedkar**
2. **Who were they shudras.: Dr. B.R. Ambedkar**
3. **States and Minorities: Dr. B.R. Ambedkar**
4. **Emuncipalion of the Untouchables.: Dr. B.R. Ambedkar**
5. **Annihilation of Caste System : Dr. B.R. Ambedkar**